# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 04-07-2025 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કચ્છમાં વરસાદ

હવામાન વિભાગની આગાહી અનુસાર કચ્છમાં છેલ્લા એક સપ્તાહથી વરસાદી વાતાવરણ સર્જાયું છે. આજે પૂર્વ અને પશ્ચિમ કચ્છના મોટાભાગના તાલુકા અને ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ નોંધાયો છે. જિલ્લા મથક ભુજમાં બપોરે જોરદાર વરસાદી ઝાપટું પડ્યું હતું તો તાલુકાના માનકુવા, સુખપર, મીરજાપર, વડજર અને માધાપર સહિતના આસપાસના વિસ્તારોમાં પણ વરસાદ થયો છે. વરસાદના પગલે ભુજના હમીરસર તળાવમાં નવા પાણીની આવ શરૂ થઇ હતી.

મુન્દ્રા તાલુકાના દેશલપર કંઠી, ગુંદાલા, ભુજપુર અને નાની ખાખર વિસ્તારમાં વરસાદ વરસ્યો છે. અબડાસા તાલુકામાં અરજણપર,ગઢવાડા, વમોટી નાની, મોથાડા સહિતના વિસ્તારોમાં ક્યાંક ઝાપટા તો ક્યાંક ઝરમર વરસાદ પડ્યાના અહેવાલ મળી રહ્યા છે.

ડુમરાના અમારા શ્રોતામિત્ર જયેશભાઇ ગોસ્વામીએ જણાવ્યું હતું કે અબડાસાના લઠેડી, સાંધાણ, વરંડી નાની મોટી, નારાણપર, મંજલ અને રાયધણજરમાં સારો એવો વરસાદ પડ્યો છે..

બેલા ગામના અમારા શ્રોતામિત્ર દલાભાઇ રૂપાણીએ જણાવ્યું હતું કે રાપર તાલુકાના બેલા, મૌવાણા, શિવગઢ, બાલાસર, ઝાટાવાડા, લોદ્રાણી, દેશલપર સહિત મોટાભાગના ગ્રામ્ય વિસ્તારમાં વાવણીલાયક વરસાદ પડતા ખેડૂતોમાં આનંદ છવાયો છે.

પશ્ચિમ કચ્છના નખત્રાણાના વિથોણ, નાના અંગીયા અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ પડ્યો છે.

નખત્રાણામાં વરસાદના પગલે મુખ્ય બજારોમાં જોશભેર પાણી વહી નીકળ્યા હતા તો ઉખેડા પંથકમાં ભારે વરસાદ નોંધાયો છે. સારા વરસાદના કારણે ભુજ તાલુકાના કોડકી ગામનું તળાવ ઓગની ગયુ છે. તો કચ્છના નાના મોટા તળાવોથી લઇને ડેમોમાં પણ નવા પાણીની આવક શરૂ થઇ છે.

જિલ્લા કન્ટ્રોલરૂમમાંથી મળતી માહિતી અનુસાર આજે સવારે છ વાગ્યાથી સાંજના 4 વાગ્યા સુધીમાં રાપર તાલુકામાં 22 મિલીમીટર, ભુજમાં 25, નખત્રાણામાં 18, માંડવીમાં 8, મુન્દ્રામાં 3 મિલીમીટર વરસાદ નોંધાયો છે. અત્યાર સુધી સીઝનનો સૌથી વધુ વરસાદ ગાંધીધામ તાલુકામાં 298 મિલીમીટર એટલે કે 11.7 ઇંચ નોંધાયો છે જ્યારે સૌથી ઓછો અબડાસા તાલુકામાં 90 મિલીમીટર વરસાદ નોંધાયો છે.

-----------------------------------------------------------------------------------

## લખપત કિલ્લો – યક્ષ મંદિરના વિકાસ માટે ગ્રાન્ટની ફાળવણી

પ્રવાસન- અને યાત્રાધામોના વિકાસ માટે અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા દ્વારા કરાયેલી દરખાસ્તો પૈકી રૂ. 28 કરોડ 26 લાખના વિકાસકામોની ગ્રાંટ ફાળવણી રાજ્ય સરકાર દ્વારા કરાઈ છે. પૌરાણિક લખપત કિલ્લાના વિકાસ અર્થે રૂ. 18 કરોડ 16 લાખની માતબર રકમની ગ્રાંટની ફાળવણી કરવામાં આવી છે, જ્યારે ગુજરાતનો બીજા નંબરનો જ્યાં લોકમેળો ભરાય છે, મિની તરણેતર સમા કક્કડભિટ્ટ-યક્ષ સ્થળે ભરાતા યક્ષદેવના મંદિર સ્થાનકના વિકાસ માટે રૂ. 10 કરોડની રકમની ફાળવણી કરવામાં આવી છે. ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા પ્રવાસનમંત્રી મૂળુભાઈ બેરાનો આભાર માન્યો હતો.

-----------------------------------------------------------------------------------

## કચ્છમાં શિક્ષકને નિમણૂક પત્ર

રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ સહાયક ભરતી અંતર્ગત કચ્છને ફાળવાયેલા 293 ઉચ્ચ માધ્યમિક શિક્ષકને નિમણૂક પત્રો આપવાનો કાર્યક્રમ સાંસદ વિનોદ ચાવડા અને ધારાસભ્ય

કેશુભાઈ પટેલના અધ્યક્ષસ્થાને ગઇકાલે ભુજની ઓલ્ફ્રેડ હાઇસ્કૂલ ખાતે યોજાયો હતોp ભુજ તાલુકામાં 49, અંજારમાં 47, અબડાસામાં 13, ભચાઉમાં 20, ગાંધીધામમાં 12, લખપત 7, નખત્રાણા 14, માંડવી 18, મુંદરા 29 અને રાપર તાલુકામાં 33 શિક્ષક હાજર થયા છે. દરમ્યાન કચ્છમાં વિશેષ ભરતીમાં ફાળવાયેલા 4100 શિક્ષક પૈકી 2500ની પ્રક્રિયા ચાલુમાં છે, જેથી પ્રાથમિકમાંયે ઘટનો પ્રશ્ન હલ થઈ શકશે, તો દિવ્યાંગો માટેની ખાસ ભરતીમાં પણ 21 શિક્ષકની ફાળવણી કરવામાં આવી છે. આગામી 8મી જુલાઈએ ગ્રાન્ટેડમાં વધુ 74 શિક્ષકને નિમણૂક પત્ર અપાશે.

---------------------------------------------------------------------------------

## અંજારમાં ફાયર સ્ટેશન બનશે

અંજાર નગરપાલિકાને ગત ફેબ્રુઆરી મહિનામાં `બ' વર્ગમાંથી `અ' વર્ગનો દરજ્જો આપવામાં આવ્યો છે, જેના કારણે સૈદ્ધાંતિક અને વહીવટી રીતે અહીંની સુધરાઈનું કદ વધવા સાથે ગ્રાન્ટ વધવા સાથે સુવિધામાં વધારો થશે. અંજારને અલાયદું ફાયર સ્ટેશન બનાવવા માટે ફાળવણી કરવામાં આવી છે. નગરપાલિકાના પ્રમુખ વૈભવભાઈ કોડરાણીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા અગ્નિશમન દળનું સ્ટેશન ઊભું કરવા માટે જગ્યા માટે સૂચનો મગવવામાં આવ્યા હતા. આ અંગે પાલિકા દ્વારા પૂર્તતા કરવામાં આવી છે. સ્ટેશન માટે જમીન પણ નક્કી કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા અંજારમાં નિર્માણ થનાર ફાયર સ્ટેશનની ડિઝાઈનની કામગીરી આરંભાઈ છે, જેથી ટૂંક સમયમાં શહેરની પૂર્ણ સુવિધાઓથી સજ્જ આધુનિક કક્ષાનું ફાયર સ્ટેશન મળશે, જેનું સંચાલન પાલિકા દ્વારા કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------

## મેલેરિયા વિરોધી માસ

જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઉત્સવ ગૌતમના માર્ગદર્શન હેઠળ જૂન માસમાં મેલેરિયા વિરોધી માસની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત 'હાઉસ ટુ હાઉસ' સર્વેમાં આરોગ્ય વિભાગની ૫૮૯ ટીમે ૩ લાખ ૩૬ હજાર ૧૨૬ ઘરની મુલાકાત લીધી હતી. જેમાં ૨૫ લાખ ૦૭ હજાર ૩૮૮ જેટલા પાત્રો તપાસી મચ્છર ઉત્પતિનો નાશ કર્યો હતો. મુખ્ય જિલ્લા આરોગ્ય

અધિકારી ડો. મિતેશ ભંડેરીએ માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે  મેલેરિયા, ડેન્ગ્યુ અને ચીકનગુનીયા ફેલાવતા મચ્છર ખુલ્લા અને બંધિયાર સ્વચ્છ પાણીમાં ઇંડા મૂકે છે. તેથી આ બાબતને ટાળવાં ઘરમાં અને ઘરની આસપાસ પાણી ભરાઈ નહીં તેની કાળજી લઈએ નોંધનીય છે કે આરોગ્ય વિભાગ દ્વારા મચ્છરની ઉત્પતિ અટકાવવા અગમચેતીના ભાગરૂપે દર વર્ષે જૂન માસ "મેલેરિયા વિરોધી માસ" અને જુલાઈ માસ "ડેન્ગ્યુ વિરોધી માસ" તરીકે ઉજવવામાં આવે છે.

------------------------------------------------------------------------------------------